જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૦/૧૦/૨૦૧૪ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૫૩૧/૧૪

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૮ કેસ કરી ૨૩ વ્યક્તિઓને ઝડપી, ૨૭૬ લીટર દેશી દારૂ, ૧૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૦૪ ક્વૉટર ઇગ્લીશ દારૂ, ૨૪ બિયર ટીન, અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૨ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૧,૦૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૫૩૨/૧૪

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૪૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૨ વ્યક્તિઓની અને પાસા મુજબ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ચોરીઃ- સમાચાર યાદી નં.૨૫૩૩/૧૪

**નરોડા :** રામસ્વરૂપ જે શેખાવત (રહે.ગંગા એપાર્ટમેન્ટ, જી.ડી.સ્કુલની સામે, સૈજપુરબોઘા, નરોડા) એ તા.૯/૧૦/૧૪ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૬/૧૦/૧૪ થી તા.૭/૧૦/૧૪ દરમ્યાન નરોડા, નવયુગ કેનાલ સ્કુલ પાસે રાધે બંગ્લોઝ ખાતે મુકેલ પોતાની ફ્લેસ બંકર મશીનની ટાંકી કિંમત રૂપિયા ૨,૫૫,૦૦૦/- ની આરોપી બજરંગસિંહ એસ.ચૌહાણ (રહે.ગીતાપાર્ક સોસાયટી, જોગેશ્વરી સોસાયટી પાસે, અમરાઇવાડી) ચોરી કરી લઇ ગયો છે.આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.ડી.અસારી ચલાવે છે.

## વાહન અકસ્માતમાં મૃત્યુ : - સમાચાર યાદી નં.૨૫૩૪/૧૪

**નરોડા :** રાજેશભાઇ મનોહરભાઇ થાપા (રહે.મારવાડીની ચાલી, કડવા પટેલ વાડી સામે, નરોડા ગામ) એ તા.૯/૧૦/૧૪ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૮/૧૦/૧૪ રાતનાં ૮/૩૦ વાગ્યાના સુમારે પોતાના ભાઇ આરોપી કિશન મનોહરભાઇ થાપા(રહે.સિતળાનગરનાં ઝુંપડા, ડાયમંડ પાર્ક સામે, નરોડા) રાજેશભાઇનાં પુત્ર લક્ષ્મણ (ઉ.વ.૭) ને એક્ટીવા ઉપર આગળ બેસાડી નાના ચિલોડા ક્રોસીંગ હનુમાનજી મંદિર આગળથી પસાર થતાં હતા દરમ્યાન પોતાનું એક્ટિવા નંબર જીજે.૧.એસ.એમ.૮૧૭૪ પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવતાં બેલેન્સ નહીં રહેતાં રોડ ઉપરનાં ડિવાઇડર સાથે એક્ટીવા અથડાતાં આગળ બેસેલ લક્ષ્મણ પડી જતાં શરીરે ગંભીર ઇજાઓ થતાં સારવાર અર્થે હોસ્પીટલમાં લઇ જતાં સારવાર દરમ્યાન તેનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એફ.એલ.રાઠોડ ચલાવે છે.

**આત્મહત્યા : -** **સમાચાર યાદી નં.૨૫૩૫/૧૪**

**મેઘાણીનગર :** મુળજીભાઇ હિરજીભાઇ પટેલ (ઉ.વ.૬૦)(રહે.ગુ.હા.બોર્ડ, મેઘાણીનગર) એ માનસીક તણાવના કારણે ૯/૧૦/૧૪ ના કલાક ૩/૩૦ વાગે પોતાના ઘરે એસીડ પી લીધુ હતુ.સારવાર અર્થે સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન કલાક ૧૦/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી બી.એમ.નાડીયા ચલાવે છે.

**એલીસબ્રીજ :** કલ્યાણસિંહ રામસ્વરૂપ મલ્લા (ઉ.વ.૪૫)(રહે.વીરવિક્રમનગર વિભાગ-૨, મહેનતપુરાના છાપરાં સામે, આંબાવાડી) એ તા.૮/૧૦/૧૪ રાતનાં ૧૦/૩૦ થી તા.૯/૧૦/૧૪ સવારનાં ૮/૩૦ વાગ્યા દરમ્યાન કોઇ કારણસર પોતાના ઘરે પંખાના હુકમાં કપડુ બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી પી.એચ.ભાટી ચલાવે છે.

**વસ્ત્રાપુર :** મગનભાઈ જેઠાભાઈ વાઘેલા (ઉ.વ.૫૦)(રહે.નર્મદા આવાસ, ઓડા વસાહત, સિધુભવન બોડકદેવ) એ તા.૮/૧૦/૧૪ રાતનાં ૧૦/૪૫ વાગ્યાના સુમારે કોઇ કારણસર પોતાના ઘરે પંખાના હુકમાં કપડુ બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વસ્ત્રાપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એન.જી ગોસાઈ ચલાવે છે.

**બાપુનગર :** વિષ્ણુભાઈ હિરાનંદ બજાજ (ઉ.વ.૪૧)(રહે. વંન્સમોર ફ્લેટ, મણીનગર) એ તા.૯/૧૦/૧૪ નાં કલાક ૮/૩૦ વાગ્યાના સુમારે સોનીની ચાલી થી અજીત મીલ તરફ જવાના બ્રીજ નીચે, શ્રી બ્રહ્માણી જનરલ સ્ટ્રોસની સામે, ફુટપાથ ઉપર પોતે સાસરી પક્ષનાં માનશીક ત્રાસથી કંટાળી જઇ ઉંઘની ગોળીઓ ખાઇ લઇ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એ.પટેલ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.